# સામાજિક સુધારક તરીકે નર્મદાશંકર લાભશંકર દવે

આસી.પ્રો. પ્રકાશકુમાર એસ. પટેલ

ઈતિહાસ વિભાગ

એમ.અને.કોલેજ, વિસનગર

## પ્રસ્તાવના :-

સમાજજીવન ગતિ શીલ છે. બુધ્ધિપ્રદ સમાજ કોઈ વ્યકિત ને સહજ સ્વીકારતો નથી. સમાજમાં રહેલી બદી ઓ દૂર કરવા સમયાંતરે ભેખધારીઓ સમાજને સોપડતા હોય છે. પોતાની તમામ શકિત અને શેષ જીવનઆ સુધારા પાછળ ખર્ચી દે છે. પછીએ નર સાદુલ સુરતની ધરતી ઉપર પેદા થયો. સમાજ તેને આજે નર્મદ તરીકે ઓળખે છે. સ્વ ચીમનભાઈ પટેલના શબ્દોમાં કહીએ તો "ગુજરાતી સાહિત્યની જીવનભર સાધના કરી ગુજરાતીઓમાં પ્રેમ, શૌર્ય અને સ્વદેશાભિમાનની ભાવના જગાડનાર કવિશ્રી નર્મદ ગુજરાતની મુદુ ધારાના ખડતલ કવિ અને ગુર્જર સેનાની હતા." આમ ગુજરાતમાં ૧૯મી સદીમાં થઈ ગયેલા સુધારકોમાંના એક હતા.

## પૂર્વજીવન :-

૧૮૮૩ માં સુરતમાં બહું ચુસ્ત નાગર બાહ્મણ કુંટુંબમાં કવિ નર્મદનો જન્મ થયો હતો. તેમનું પુરુ નામ નર્મદા શંકર લાભશંકર દવે હતું.[1] નાનપણથી માતાની હુંફ ગુમાવી દીધી હતી પરંતુ પિતાનો હેત અને ઉદાર વિચારોની ઊંડી અસર તેના ઉપર પડી પ્રાથમિક શિક્ષણ સુરતમાં લીધું જીવન ઘડતરમાં દુર્ગાશંકરના ઉધાત વિચારો આમેજ થયા એ પરિણામ સ્વરૂપ નર્મદની મેધાવી શકિત ખીલી ઊઠી ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈમાં એલ્ફીસ્ટન કોલેજમાં જોડાયા એમના પિતાશ્રી છાપખાનામાં નોકરી કરતા હતા.પ્રશ્રિમના ઉદારીકરણના ઉદાત વિચારોની અસર થયેલી તેનાજીવન ઘડતરમાં એમના પિતાશ્રીનું યોગદાન રહયું હતું. પશ્રિમી શિક્ષણમાં અંગ્રેજી સાહિત્ય અને ભાષાનો અભ્યાસ કર્યો કોલેજમાં મેધાવી વિધાર્થીઓનો પરિચયમાં આવ્યા અને તેમાંના સુધારકોના એક એ અગત્યના સુધારક હતા.

## બુધ્ધિવર્ધક સભાની સ્થાપના અને તેમની સુધારક પ્રવૃતિઓ :-

જૂન ૧૮૫૦માં બુધ્ધિવર્ધક સભાની સ્થાપના સુરતમાં નર્મદે કરી તેનો પહેલો તંત્રી તે જ બન્યો. તેના સુધારક વિચારો બુધ્ધિવર્ધક સભાદ્રારા રજૂ કરતો હતો.બુધ્ધિવર્ધક સભામાં મંત્રી તરીકે મોહનલાલ રણછોડદાસ તથા ખજાનચી તરીકે ગંગારામ કિશોરલાલ હતા. બુધ્ધિવર્ધક સભા પારસીઓ પણ લેખો લખતા.[2] બુધ્ધિ-વર્ધક સભા એક સુધારક તરીકે ખ્યાતી કરી તેની સભ્ય સંખ્યા શરૂઆતમાં ૭૪ જેટલી હતી. કરસનદાસ બુધ્ધિવર્ધક સભા સભ્ય બન્યા. બુધ્ધિવર્ધક સભા સમક્ષ મહારાજા લાયેબલનો કેસ આવતાં એ કેસમાં બુધ્ધિવર્ધક સભાની જીત થઈ અને ત્યાર પછી બુધ્ધિવર્ધક સભાનાં વળતાં પાણી થયાં હવે સમાજમાં આવી ચર્ચા કરવી નહીં એવો ઠરાવ કરવામાં આવ્યો. આમ

નર્મદના સુધારા માટેનું પ્લેટ ફોર્મ ઝૂંટવાઈ ગયું. તેની ચર્ચાથી આ બદીઓ માટે વૈચારિક પ્રદાન કર્યું હતું. ૧૮૬૨ પછી બુધ્ધિવર્ધક સભાની પ્રવૃતિઓ મંદ પડી છતાં પણ નર્મદ હતાશ થયો નહી.

### નર્મદના સુધારા વિશેના લેખો અને તેના પ્રત્યાઘાતો :-

નર્મદે ઈ.સ.૧૮૫૧ થી ૧૮૫૩ સુધી સુરત પાસે રાંદેરમાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી સ્વીકારી અને નવરાસ ના સમયમાં ઉત્તમ લેખો તૈયાર કરતો. સ્વદેશી "હિતેચ્છુ" અને "જ્ઞાન સાગર" નામના સાપ્તાહિક નર્મદના સુધારા વિશેના વિચારોના પ્રચાર કરવા માટેના માધ્યમ બન્યા.[3] તત્કાલિન સમાજની બદીઓ સામે આંગળી ચીંધી તેના પ્રત્યાઘાતો સમાજમાં પડયા વિના રહ્યા નહી. ઈ.સ.૧૮૫૪માં ફરી મુંબઈ આવ્યા અને એલ્ફીસ્ટન સંસ્થામાં જોડાયા. ૧૮૫૮માં બુધ્ધિવર્ધક સભાના મંત્રી બન્યા અને તંત્રી પણ બન્યા.અને એ રીતે પોતાના વિચારો વ્યકત કરતા હતા.

### રૂઢિચુસ્તો અને બોધ્ધિકો વચ્ચે સંઘર્ષ :-

કવિ નર્મદે લખેલ નર્મદે લખેલ "ગુરુ અને તેની સ્ત્રી અનુયાયીઓ" નામે લખેલ નિબંધને"સત્યપ્રકાશ" તરફ થી પ્રથમ ઈનામ મળ્યું અને તે "સત્યપ્રકાશ" માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો. આ નિબંધમાં નર્મદ સાચા ગુરુના લક્ષણો દર્શાવીને વૈષ્ણવ આચાર્યોને અનૈતિક આચરણથી મુકત રહેવા તથા સ્ત્રીઅનુયાયીઓને પોતાના ચારિત્રયની પ્રવિત્રતા જાળવવા અનુરોધ કર્યો. માર્ચ ૧૮૫૭માં અન્ય લેખોમાં નર્મદ સ્ત્રી પુરુષની દાસી નહી પણ તેની સમકક્ષ હોઈને તેની સાથે યોગ્ય વર્તાવ કરવાનો પુરુષ વર્ગને અનુરોધ કર્યોસ્ત્રીને યોગ્ય સ્થાન મળે તે માટે નર્મદ કન્યા કેળવણી, બાળ લગ્નની તથા પડદા પ્રથા નાબૂદી અને અલગ સ્ત્રી સંસ્થાઓ સ્થાપવાની હીમાયત કરી નર્મદે વિદવા વિવાહની તરફ દારી કરી અને લેખો તથા પ્રવચન મારફત આ માટેની ઝૂંબેશ પણ શરૂ કરી તેણે આ સંબધે વૈષ્ણવ આચાર્ય જદુનાથજી સાથે પણ ખુલ્લી ચર્ચા ગોઠવી નર્મદે શાસ્ત્રો દેવી સર્જન હોવાનો ઈન્કાર કરતા જદુનાથજીના અનુયાયીઓએ નર્મદ પર હુમલો કરવાના પ્રયાસો કર્યા. આથી નર્મદ સભા છોડી જતા રહયા. કરસનદાસે 'સત્યપ્રકાશ'માં નર્મદના યર્થાથ પણા નો બચાવ કરતાં જદુનાથજીની ટીકા કરતા લેખો લખ્યા. આમાંથી ખૂબ જાણીતો બનેલો મહારાજા લાઈબેલ કેસ થયો.[૪] (જાન્યુઆરી,૧૮૬૨) જેમાં નર્મદને કરસનદાસે પુરો ટેકો આપ્યો. કેસમાં જદુનાથજીનો પરાજય થયો. આથી નર્મદ, કરસનદાસ વગેરેની સુધારક પ્રવૃત્તિને બળ મળ્યું.પરંતું રૂઢિચુસ્ત વર્ગમાં તેઓ અણગમતા બન્યા.તેનાથી બુધ્ધિવર્ધક સભાની પ્રવૃત્તિમંદપડી તથા બુધ્ધિવર્ધક સભાની સભ્ય સંખ્યા ખૂબ ઘટી જતા, છેવટે તેને બંધ કરવાની ફરજ પડી.

### નર્મદની "દાંડિયા" મારફત સુધારણા ઝૂંબેશ :-

મહારાજા લાયેબલ કેસ દરમ્યાન બુધ્ધિવર્ધક સભાના અમુક રૂઢિચુસ્ત સભ્યોએ કોઈપણ ધર્મગુરુની ટીકા કરતી બાબત બુધ્ધિવર્ધક સભામાં નહી લાવવાને લગતા ઠરાવ પ્રસાર કરાવ્યો. આથી નર્મદે નારાજ થઈને બુધ્ધિવર્ધક સભા છોડી દીધી. તે પછી નર્મદે તત્વ બોધક સભા શરૂ કરી પરંતું તેને ખાસ પ્રતિભાવ નહી. સાંપડતાં નર્મદે તે બંધ કરી દીધી (૧૮૬૪) ખાસ ધ્યેય વગરની "ધર્મસભા"માં પણ તેને ફાવ્યું નહી તે પછી તેણે પોતે વ્યકિતગત રીતે સુધારા પ્રવૃતિ ચલાવવાનો નિર્ણય લીધો. અલબત આમાં તેને થોડા સુધારક મિત્રોની સહાય મળી. સામાજિક અનિષ્ટો સામે લોકમતને કેળવવા તથા સુધારણા પ્રવૃત્તિને વેગ આપવા નર્મદ થોડા મિત્રોના સાથ સહિત સ્પટેમ્બર, ૧૮૬૪માં

"દાંડિયો" નામે પાક્ષિક શરૂ કર્યું. આ પત્રનો ખાસ હેતુ સામાજિક કુરિવાજો, ઢોંગ,ધતિંગ,અજ્ઞાન જેવા અનિષ્ટોની સાથે સુધારકોના શેર મેનિયાની પણ સખત ટીકા કરી.[૫]

"દાંડિયો" નો અર્થ નગારું થાય છે. એટલે કે ઢોલ પીટીને નગારું વગાડીને લોકોને સામાજિક અનિષ્ટો પ્રત્યે જાગૃત્ત કરવાનો "દાંડિયો"નો આશય હતો. સાથો સાથ નર્મદે "દાંડિયો"માં સરકારી અમલદારો,ગુજરાતી વેપારી વર્ગ તથા શિક્ષિત લોકોની સામાજિક અનિષ્ટો પ્રત્યેની ઉપેક્ષા બદલ સખત ટીકાકરી નર્મદે "આજ-બાલ"નામે "દાંડિયો"માં લખેલ લેખથી શેરો મારફત ધનિક થવા માંગતા લોકો તેમજ સુધારકોને સખત ચેતવણી આપીને જણાવ્યું કે તે પાય માલી તેમજ અવનતિનો માર્ગ હતો. અને ઘણાની બાબતમાં આવું જ બન્યું નર્મદે "દાંડિય" માં હિન્દુઓની પડતી નામે પોતાની લાંબી કવિતા છાપી (૧૮૬૬) તેમાં તેણે દેશ તેમજ ગુજરાતની સામાજિક તેમજ રાજકિય સ્થિતિ વિશે દુઃખ વ્યકત કર્યું. લોકોની જડતાની ટીકા કરી તથા સામા ધર્મનો લોપ થયો હોવાનું જણાવ્યું. બાળલગ્ન, બાળ હત્યા, વિધવાની દુઃખદ સ્થિતિ વગેરે અનિષ્ટોએ હિન્દુ સમાજને નિર્બલ અને વિકૃત બનાવ્યો. હોવાનું તેમણે વિધાન કર્યુ. તેમણે "દાંડિયો" મારફત આવી સામાજિક અનિષ્ટો સામે લડત ચલાવવા લોકોને અનુરોધ કર્યો.

## નર્મદ સાહિત્યનું નિર્માણ :-

નર્મદે ૧૮૬૫ થી ૧૮૭૫ સુધીના ૧૦ વર્ષ લગભગ સુરતમાં ગાળ્યા. આ દરમ્યાન તેણે ગુજરાતને મૂલ્યવાન ગ્રંથો અને લેખો આપ્યા તેણે ગુજરાતીમાં નર્મદ કોશ તથા મારી હકીકત (આત્મકથા) નામે પુસ્તકો લખ્યા.તેણે નિબંધો, કાવ્યો, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સાહિત્ય વગેરેને લગતા વિવિધ લેખો પણ લખ્યા.૧૮૬૮-૬૯માં "ગુજરાતની સ્થિતિ" પર લખાયેલો તેનો નિબંધ ખૂબ જાણીતો બન્યો. આમાં તેણે શિક્ષિત વર્ગની સુધારા પ્રત્યેની ઉપેક્ષાની કડવી ટીકા કરી. તેણે બ્રિટીશ શાસનને લીધે ગુજરાતમાં સામાજિક, શૈક્ષિણક વગેરે ક્ષેત્રે થયેલા ફેરફારોને આવકાર્ય બ્રિટિશ શાસને ગુજરાતને આપેલ શાંતિની પણ પ્રશંસા કરી તો પણ સામાજિક અનિષ્ટો નાબૂદ કરવા સરકાર તેમજ સુધારકોએ કોઈખાસ પ્રવૃત્તિકરી નહી તે પ્રત્યે તેણેખેદ વ્યકત કર્યો. ઉપરોકત નિબંધમાં સહજાનંદ સ્વામીની સુધારક પ્રવૃત્તિઓને તેણે બિરદાવી પરંતું તેમના અનુયાયીઓને સહજાનંદ સ્વામીને ઈશ્વર તરીકે સ્થાપિત કર્યા અને સ્વામી એ તેમાં સંમતી આપી તે પ્રત્યે તેમણે નારાજી વ્યકત કરી આ નિબંધમાં નર્મદે અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સો સાયટીએ સુરતની એન્ડ્રુઝલાયબ્રેરી તથા મુંબઈની બુધ્ધિવર્ધક સભાની શૈક્ષણિક સાહિત્યક તથા સુધારક પ્રવૃતિઓની પ્રશંસા કરી.

નર્મદે ૧૮૬૫ થી ૧૮૭૫ વચ્ચે નર્મદ સાહિત્યીક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો.આ સમય દરમયાન નર્મદે "રાજય રંગ"નામે પુસ્તક બે ભાગમાં લખ્યું. તેમાં તેણે ૧૮૬૦ સુધી તેના સમયની પ્રાચીન તથા અર્વાચીન સમયની મુખ્ય સંસ્કૃતિઓના ઉત્થાન અને સિધ્ધિઓ અને નિષ્ફળતાઓની ચર્ચા કરી. આ પુસ્તક લખવા નર્મદે આ શરે ૨૦૦ પુસ્તકો વાંચ્યા હતા. આ પુસ્તક લેખન બાદ નર્મદને ખાત્રી થઈ કે સામાજિક પરિ-વર્તન ટૂંકા ગાળામાં થઈ શકતું નથી. પરંતું તેમને ઠીક ઠીક સમયની જરૂર પડે છે. તેમને લાગ્યું કે, ક્રાંતિકારી પરિવર્તન માટે ગુજરાત હજું પરિ

પકવ થયું ન હતું તેને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ તથા સુધારકોની મર્યાદા અને ઊણપો ની પ્રતિતી થતા તે આર્ય સંસ્કૃતિ તેમજ હિન્દુ શાસ્ત્રો અને સંસ્થાઓના અભ્યાસ તરફ વળ્યા. આ સમયે થોડો સમય માટે દયાનંદ સરસ્વતી ની અસર તળે આવ્યા નર્મદના નિમંત્રણથી દયાનંદ સરસ્વતી ડિસેમ્બર ૧૮૭૪માં સુરત આવેલા અને ત્યાં આર્ય સંસ્કૃતિ અને આર્ય ધર્મ ઉપર પાંચ વ્યાખ્યાનો આપેલ જેની થોડી અસર નર્મદ પર થઈ જો કે દયાનંદ સ્વામીના વેદો તેમજ હિન્દુ શાસ્ત્રો વિશે બધા વિચારો સાથે નર્મદ સહમત થયા નહી.

## નર્મદના વિચાર દર્શનમાં પરિવર્તન :-

નર્મદ માર્ચ ૧૮૭૫માં સુરત છોડી મુંબઈમાં વસવાટ કર્યો. ત્યારે તેમના વિચારોમાં નોંધપાત્ર પરિવર્તન થયું હતું. પ્રાશ્ચાત્ય ઢબે સુધારા કરવાની નીતિ રીતિમાંથી તેની શ્રધ્ધા નષ્ટ થવા પામી. અને તે ભારતીય ઢબે સુધારા કરવાની પધ્ધતિના પુરસ્કર્તા બન્યા હતા. મુંબઈમાં સ્વામી દયાનંદે એપ્રિલ ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી. તેમાં નર્મદ શરૂઆતમાં જોડાયા પરંતુ તેનાથી પણ તે વિમુખ થયા. ત્યાર બાદ ઈશ્છારામ સૂર્યરામ દેસાઈ દ્વારા સંપાદીત "ગુજરાતી" સાપ્તાહિકમાં નર્મદે ૧૮૮૯થી લેખોની હારમાળા લખી જેમાં તેણે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ધર્મને શ્રેષ્ઠ ગણાવી તે તેને આધારે સુધારા કરવાની હિમાયતકરી. આ લેખોનો સંગ્રહ કરીને નર્મદે ૧૮૮૫માં "ધર્મ વિચાર" નામે પુસ્તક પ્રસિધ્ધ કર્યું.[૬] જેમાં તેણે ભારતીય અને પાશ્ચાત્ય વિચારની તરફેણ કરી "ધર્મ વિચાર"માં નર્મદે ભારપૂર્વક જણાવ્યું કે હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિનાં મૂળતત્વોશુધ્ધ અને સત્યો પર આધારીત છે. પરંતું સમય જતાં તેમાં જડતા અને બંધિયાર પણું આવી જતા તે વિકૃતસ્વરૂપે રજુ થયા તેથી આવી જડતા અને વિકૃતિ દૂર કરવાને માટે નર્મદને સુધારવાની આવશ્યકતા લાગી.

## અનિષ્ટ રિવાજો વિરુદ્ધ ઝુંબેશ :-

સમાજ સુધારકોએ વિધવા-પુનર્લગ્નની સમસ્યા ષપર જાહેરમાં વાદવિવાદ કરવા સનાતનીઓને ખુલ્લો પડકાર ફેંક્યા હતા. (૧) વિધવા-પુનર્લગ્નની કાયદેસરની સ્વીકૃતિની સમાજમાં વકિલાત કરવી. (૨)વિધવા વિવાહને પોત્સાહન આપવું.અને (૩) આવાં લગ્ન કરનારઓને રૂઢિચુસ્તો અને પ્રત્યાઘાતી તત્ત્વો હેરાનન કરે તેજોવું. તેમાં પણ કવિ નર્મદના કિસ્સામાં, એક ઘણો રસપ્રદ બનાવ બન્યો હતો. કવિ નર્મદ વડનગરા નાગર બ્રાહ્મણ હતા. તેમની જ્ઞાતિમાં એવી પ્રથા હતી કે એક પત્ની જીવતી હોય ત્યાં સુધી બીજી થઈ શકે નહિ. ૧૮૭૦માં નર્મદાગૌરી નામે એક વિધવા નર્મદના પ્રેમમાં પડી. વિધવા વિવાહના પુનર્લગ્નના હિમાયતી નર્મદને લાગ્યું કે તેણે આ વિધવા સાથે લગ્નગ્રંથિથી જોડાવું જોઈએ. પણ જ્ઞાતિપ્રથા એ બીજી પત્ની કરવા છૂટ આપી નહી. આ મુદ્દા ઉપર નર્મદને આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ તે અંગે પોતાની પત્ની સાથે રસપ્રદ ચર્ચા થઈ. એક સાચી હિંદુ પત્ની તરીકે તેમનાં ધર્મપત્નીએ કહ્યું, 'તમે ગમે તે કરો પરંતું હું તમને છોડી જઈશ નહી.'એમ કહેવાય છે કે પછીથી નર્મદે વિધવા સાથે લગ્ન કર્યા હતાં.[૭]

**પાશ્ચાત્ય અને રૂઢીગત ઢબના સુધારકોની ટીકા, બન્નેનો સમન્વય જરૂરી :-**

નર્મદમાં થયેલ વિચાર પરિવર્તન બાદ તેણે પોતાની જાતને ઉદારમતવાદી પરંપરાગત સુધારક તરીકે ઓળખાવી. માત્ર ભૌતિકવાદ અને બુધ્ધિવાદ પર રચાયેલ પાશ્ચાત્ય ઢબની સુધારક પ્રધ્ધતિ અને સુધારકોનીનર્મદે ટીકા કરી તેજ રીતે માત્ર જડ રીતે પરંપરાને વળગી રહેનાર રૂઢીગત સુધારકોની પણ ટીકા કરી. તેણે એકબાજુથી માત્ર તાર્કિક બુધ્ધિવાદ પર આધાર રાખનાર અને પશ્ચિમી પધ્ધતિનું આંધળું અનુકરણકરનાર સુધારકસંસ્થાઓ (જેવી કે પ્રાર્થના સમાજ) પ્રત્યે નારાજગી વ્યકત કરી તો બીજી બાજુ વેદોને દૈવી માનનાર અને તેનીપૂજા કરનાર સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્ય સમાજ પ્રત્યે અણગમો દર્શાવ્યો. નર્મદના અભિપ્રાય પ્રમાણેભારતીય સંસ્કૃતિ અને ધર્મના મૂળ સિધ્ધાંતોને આધારે બંન્ને પધ્ધતિઓનો સમનવ્ય સાધવો તે સુધારણા પ્રવૃત્તિનો શ્રેષ્ઠ માર્ગ કહી શકાય. આમાં પણ નર્મદે પાશ્ચાત્ય પદ્ધતિનો પ્રવૃત્તિના માર્ગ કરતાં ભારતીય પદ્ધતિના નિવૃત્તિ માર્ગને સમાજ પરિવર્તન માટે વિશેષ મહત્વ આપેલું છે. નર્મદના મતે સ્વદેશ પ્રેમનું બીજું સ્વરૂપ છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ સમજવામાં અને તે મુજબ આચરણ કરવામાં સ્વધર્મ અને સ્વદેશ પ્રેમ રહેલ છે.

પાદનોંધ:-


૧. દવે નર્મદ, "મારી હકીકત" પૃષ્ઠ-૪૪-૪૫

૨. ડો.પરીખ આર.ડી., "પ્રેસ અને સોસાયટી,મહાનિબંધ,પૃષ્ઠ-૭૨

૩. ડો. દેસાઇ નીરા. એ., "ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન", પૃષ્ઠ-૨૫૦

૪. ડો. દેસાઇ નીરા. એ., એજન-પૃષ્ઠ-૨૫૦

૫. દવે નર્મદ, "આવૃતપત્રની કલ્પના "ધી સ્પેકટર" જેવી કરી હતી

૬. દવે નર્મદા શંકર "ધર્મવિચાર", પૃષ્ઠ-૧૯-૨૦

૭. દવે નર્મદા શંકર "ઉતર નર્મદ ચરિત્ર", પૃષ્ઠ-૬૫-૭૮